સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કોર્ટ-પોલીસ કોઈ ઠગ ને ઠગ કહેતા નથી
દબોચે માછલીઓ, બગ ને બગ કહેતા નથી
ચાલે છે લાગ ને વગ છતાં બોલી શકતા નથી
ધાકથી ધુજારીમાં, મગ ને મગ કહેતા નથી

હાઈકુ

દે છે નવાબો
ગોળ ગોળ જવાબો -
બતાવે ખ્વાબો!
(શુસ્ત સચિવાલયનું તંત્ર)

ક્યાં છૂપાયા'તા
કે ચૂકી ગયા ટ્રેન !
દિલ્હી મેટ્રોની
(એસ.એસ. રાઠોડ)

ચિંતન

બન્ધ ઈતિ ચ અનાદ્યવિદ્યા વાસનયા ।
જાતોઽહંમિત્યાદિસંકલ્પો બન્ધઃ ॥

ઉપરોક્ત શ્લોક 'નિરાલ્મ્બોપનિષદ'માંથી લેવામાં આવેલ છે.
'હું છું' આ વિચારની ઉત્પત્તિ અવિદ્યામાંથી ઉત્પન્ન થઈ છે.
આ વિચારએ જ બંધન છે.

અવિદ્યા એટલે અજ્ઞાન અને અજ્ઞાન અનાદિ છે. સવિદ્યાનો આરંભ ક્યારથી થયો એ કોઈ કહી શકે નહીં. જ્ઞાનનો પ્રારંભ થઈ શખે, અજ્ઞાનનો નહીં. જ્ઞાન સીમિત છે. જેટલું જાણીએ છીએ એનાં કરતાં જેટલું નથી જાણતા એ અનેકગણું વધુ છે.

માણસ જ્યારે 'હું' એટલે કે પોતાનો અને માત્ર પોતાનો જ વિચાર કરતો થઈ જાય છે ત્યારે એ પોતાની જાતને જ બંધનમાં મૂકી દે છે. આવો વિચાર પણ અજ્ઞાન છે અને આવા અજ્ઞાનમાંથી જ્યારે આ 'હું' માણસને બાંધી લે છે ત્યારે વિદ્યાના દરવાજા એના માટે બંધ થઈ જાય છે.

સ્વમાન, કુળ ગૌરવ, સ્વાભિમાન આ બધી વિભાવનાઓ પેલા 'હું' માંથી જ આગળ વધતી હોય છે.

સુવિચાર

- જ્યારે કોઈ દુઃખિયારો એમ કહે છે કે 'અરે... રે.... આ જગતમાં મારું કોઈ જ નથી' ત્યારે સૌથી વધુ ખોટું ઈશ્વરને લાગે છે - **અબ્રાહમ લિંકન**
- જગતના એક સર્જનહારમાં શ્રદ્ધા અમારી છે, ગમે તે નામ હો એનું, એ હો અલ્લા કે હો ઈશ્વર...!! - **કુતુબ આઝાદ**
- ઈર્ષ્યાળુ માણસ પોતાના ભોજનમાં વિષ મેળવીને ખાય છે - **જેનેન્દ્ર કુમાર**
- જેઓ પોતાની જાત સાથે કાયદાની જેમ અડગ વર્તન રાખે છે, તેવાઓ માટે કોઈ કાયદાની જરૂર નથી - **ચેપમેન**
- ધનહીન હીન નથી, ચારિત્ર્યહીન હીન છે - **અખંડ આનંદ**
- જો હું મારા ચારિત્ર્યની સંભાળ રાખીશ તો મારી પ્રતિષ્ઠા એની મેળે પોતાની સંભાળ રાખશે - **ડેવિડ વ્હીટલી**
- આજનું ઔષધ : એક ચમચી ગાયના ઘીમાં ચપટી મરી અને ચપટી મીઠું મેળવી સરખું મિક્સ કરી ચાટી જવાથી ભારે જમવાનું સરળતાથી પચી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માળી રોજ બગીચામાં ફૂલો અને વૃક્ષોનું સરસ જતન કરતો. એક ચિત્રકાર રોજ એ ફુલો અને કુદરતી દૃશ્યોને કેનવાસ પર દોરે. પેઈન્ટીંગ પૂરું થાય ત્યારે માળી સરસ ફૂલોનો ગુલદસ્તો ભેટમાં આપે. બંને હમઉમ્ર હોવાથી સારા મિત્રો બન્યા હતા. વરસો જતાં બંને વૃદ્ધ થયા. ચિત્રકાર બિમાર પડ્યો. તે બગીચામાં જઈ શકતો ન હતો. એક વાર તબિયત સારી થઈ એટલે એ બગીચામાં ગયો. વૃદ્ધ માળી હજી પણ બગીચાની સુંદર સંભાળ લેતો હતો. ચિત્રકારે એક સરસ ચિત્ર બનાવીને પેલા માળીને ભેટમાં આપ્યું.માળીએ પૂછ્યું, 'આ શું છે ?' ચિત્રકારે કહ્યું, 'આ મારા તરફથી ગુલદસ્તો તમને ભેટ આપું છું, જયારે હું ચિત્ર દોરસો ત્યારે તમે મને જીવતા ફૂલો નો ગુલદસ્તો આપતા હતા. તો આ મારું ચિત્ર તમને આપું છું.' માળીએ કહ્યું, 'તમારી કળા તો અમર છે, એ તો કાયમ જીવંત રહે છે. હું તો બહુ નાનો માણસ છું.' ચિત્રકારે કહ્યું, 'ના, ભાઈ, તું નાનો માણસ નથી. તું પણ એક સર્જક છે. રોજ બગીચામાં ફુલોનું સર્જન કરે છે. મારું એક ચિત્ર તો પંદર દિવસે પુરું થાય છે. જયારે તારું સર્જન તો રોજ ચાલતું રહે છે. રોજ નવા ફુલો ખૂલે છે જેથી તમારી સર્જન પ્રક્રિયા સજીવન થાય છે. તારા સર્જનમાં સુગંધ છે. મારા ચિત્રમાંનાં ફુલો કદાચ લાંબા ટકશે, પણ એ સજીવ તો નથી જ. તમે તો સજીવનો સર્જક છો. તું આ બગીચામાં જીવતો રહેવાનો છે. અમે લોકો કળા દ્વારા અમર થવાનો પ્રયાસ કરીએ છીએ. તું તારી આર્ટ દ્વારા લોકોનો દરરોજ જીવવાનો અવસર આપે છે. બીજાની મને ખબર નથી પણ તું મારા છેલ્લા શ્વાસ સુધી યાદ રહેવાનો છે.' તમને કોઈ છેલ્લા શ્વાસ સુધી યાદ કરે એવું છે ? તો માનજો કે તમે સફળ છો. સફળતા માત્ર ડીગ્રી કે આવકથી નથી મળતી. સફળતા, પ્રેમ, ઉષ્મા અને આત્મીયતાથી પણ મપાતી હોય છે.

કાશ્મીર મુદ્દે કેન્દ્ર સરકારનું પલ્લું ભારે

તંત્રીસ્થાનેથી...

અરુણ જેટલીના અંતિમ સંસ્કારમાં હાદરી આપવા આવેલા જમ્મુ અને કાશ્મીરના રાજયપાલ સત્યપાલ મલિકે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં નિવેદન આપ્યું છે કે ત્યાં સંચાર વ્યવસ્થા દસ-વીસ દિવસ મોડી શરૂ થશે તો એથી કશું ખાટું મોળું થઈ જવાનું નથી. મહત્ત્વ શાંતિ જળવાઈ રહે અને જાનહાનિ ન થાય એ બાબતનું છે. અત્યાર સુધી જમ્મુ અને કાશ્મીરમાં વાત વાતમાં તોફાનો શરૂ થતાં હતાં, જુવાનિયા, પથ્થરો લઈ શેરીઓમાં ઊતરી પડતા હતા, આતંકવાદીઓ નેતાઓથી લઈ કાશ્મીર ખીણના પ્રસ્થાપિત નેતાઓ એમને ઉશ્કેરી વાતાવરણ લોહિયાળ બનાવી મૂકતા હતા. જો ૩૭૦ અને ૩૫-એ ને હાથ લગાડવામાં આવશે તો જોયા જેવી થશે - કાશ્મીર ભડકે બળશે એવી ધમકીઅઓ ફારુક અબ્દુલ્લાથી લઈ મહેબૂબા મુફતી સુધીના નેતાઓ ઉગ્ર ભાષામાં આપતા રહ્યા છે. એ સંજોગોમાં કાશ્મીરમાં સંચાર-સંદેશા વ્યવહાર સેવાઓ બહાલ કરવામાં દેખીતું જોખમ છે. આવા જોખમી નિર્ણય પછી હજુ સુધી કોઈ નોંધપાત્ર ઘટના બની નથી, છૂટાછવાયા બનાવો કરફ્યુ મુક્તિના ગાળામાં બન્યા છે - એથી વધુ કંઈ જ નહીં. સૌથી અગત્યની બાબત એ છે કે સામાન્ય ઘટના બને તો કાશ્મીર ખીણમાં પચાસ-સો લાશો પડી જતી હતી, એને ઠેકાણે રાજયના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન જેવી ઘટના અને કલમ ૩૭૦ તથા ૩૫એના ખાતમા છતાં એક પણ મોત થયું નથી. સરકારની આ સફળતાને કોઈ નજરઅંદાજ નહીં કરી શકે. આઝાદી અને લોકશાહીના નામે નિર્દોષ નાગરિકો અને ગેરમાર્ગે દોરવાયેલા જુવાનિયાઓનું લોહી વહે તે કરતાં થોડાં દિવસ સંદેશા વ્યવહાર થતા લોકશાહી અધિકારો પણ નિયંત્રણ લાદીને પરિસ્થિતિને થાળે પડવા દેવામાં જ ડહાપણ છે. વિપક્ષી નેતાઓના ડેલિગેશનને શ્રીનગર એરપોર્ટ પરથી જ પરત મોકલાવી દેવાના નિર્ણયને જનહિતમાં વાજપી જ ગણવો પડે. કારણ કે કાશ્મીરની પ્રજાનાં સુખદુઃખના બહાના હેઠળ ત્યાં જનારા વિપક્ષી નેતાઓ તો એની લાગણી ઉશ્કેરીને લોકશાહી અધિકારો માટે શાસન સામે લડત આપવાની જ વાત કરવાના હતા. રાજયપાલ સત્યપાલ મલિકને વહીવટનો લાંબો અનુભવ છે. તેઓ મુંબઈમાં પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવ્યા પછી કેન્દ્ર સરકારમાં મંત્રીપદે પણ રહી ચૂકેલ છે. આથી લોકશાહી અધિકારોના નામે ખીણની પ્રજાને ઉશ્કેરવા માગતા આગેવાનોને પ્રજાની દૂર રાખી એમણે જે દૂરંદેશી દાખવી છે એની પ્રશંસા જ થવી ઘટે. શું ફારુક, ઓમર અને મહેબૂબા કે અલગાવવાદીઓને છૂટા મૂકવામાં આવે તો તેઓ પ્રજાને કેન્દ્ર સરકારનો નિર્ણય માથે ચડાવી કામે લાગી જવાની વાત કરવાના છે ? એ તો ઈસ્લામિક રાષ્ટ્રો - સવિશેષ સમૃદ્ધ આરબ દેશો આ મુદ્દે ભારત સરકારની સાથે છે એની પ્રતીતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એમનાં સર્વોચ્ચ સન્માનોથી નવાજીને કરાવી દીધી છે. ત્યારે વિપક્ષો ફક્ત પાકિસ્તાનની જ ભાષા બોલીને શું સિદ્ધ કરવા માગે છે ?

....તો માનવું કે આપણને આપણો કૃષ્ણ મળી ગયો છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અરે યાર, જુઓને રોજ સવાર પડે ને જીવનમાં એક નવો પ્રશ્ન આવીને ઊભો રહે છે, સાલું... આખી જિંદગી સંઘર્ષ જ કરવાનો ?'

સામાન્ય વાતચીતમાં એક પારિવારિક મિત્રને ઉદાસ બેઠેલો જોયો ને 'કેમ ઉદાસ છો?' એટલું પૂછતા એનો આ ઉત્તર હતો.

થોડા દિવસો પહેલાં મિત્રોની વાતચીતમાં કોઈ બોલ્યું... 'હવે લાગણીની વાત ના કરશો, સ્વાર્થ સિવાય કોઈ સંબંધો જ નથી, સાચ્ચું કહું !!... મને મારા પરિવારજનોને આસપાસના માણસો પણ સમજ્યા નથી...' એમણે વળી પોતાનો અનુભવ કહ્યો.

ત્રીજા એક કિસ્સામાં વર્ષોથી ધર્મ-ધ્યાન કરનાર માણસે જન્માષ્ટમીના ઉત્સવ દરમિયાન કીધું કે 'આ કૃષ્ણનો જન્મ દર વરસે ઉજવાય છે, પણ મને તો કયાંક કૃષ્ણપણું દેખાતું નથી... કયાંક મને કૃષ્ણ શોધ્યો યે મળતો નથી...'

આવા અનેક સંવાદો આપણી આસપાસ થતા રહે છે, કયારેક આપણે પણ એનો એક ભાગ હોઈએ છીએ... એના અંગે વિચારતા વિચારતા એક પાત્ર ધ્યાનમાં આવ્યું, જેના વિશે હમણાં જન્માષ્ટમી પર્વના વિવિધ કાર્યક્રમો રેકોર્ડીંગ ને પ્રવચનો સંદર્ભે વાંચવા કે સાંભળવાનું થયું.... અને એ પાત્ર, એ વ્યક્તિત્વ એટલે સત્-ચિત્ આનંદ સ્વરુપ જગતુગુર શ્રીકૃષ્ણ.

કંસના કારાગારમાં એનો જન્મ થાય છે ત્યારે ઋષિઓ અને દેવતાઓ એની સ્તુતિ કરે છે, જેમાં કયાંકે કૃષ્ણ શબ્દ નથી, પરંતુ સત્ય શબ્દ નવ વાર વપરાયો છે. સંતો એવું અર્થઘટન કરે છે કે દેવતાઓ પણ સ્વીકારે છે કે કૃષ્ણ સત્ય સ્વરુપ છે અને તે ત્રણે કાળમાં વ્યાપ્ત છે. એટલે આજે પણ જયાં જયાં સત્ય દેખાય કે અનુભવાય ત્યાં ત્યાં કૃષ્ણ છે જે એ વાતની પ્રતીતિ જેમને કૃષ્ણ પ્રિય હોય એમને થવી જોઈએ.

કૃષ્ણ અવતારી પુરુષ રૂપે પૃથ્વી પર અધર્મનો નાશ કરવા અવતર્યા, પણ એમણે માનવ તરીકે સાવ સાહજિક રીતે માનવલીલા કરી છે એટલે એ આપણા જેવા જ લાગે છે. કૃષ્ણનું બીજું નામ જ સંઘર્ષ રહ્યું. એટલો સંઘર્ષ ડગલેને પગલે એના જીવનમાં જન્મથી નિર્વાણ સુધી રહ્યો છે. મારા ને તમારા જીવનમાં આવતા સુખ-દુઃખ, લાગણીના ઝંઝાવાતને આઘાત, ઉતારને ચઢાવ બધ્ધે બધ્ધું જીત્યા છે કૃષ્ણ... ને... આખરે સાહજિકપણે એનો સ્વીકાર કરીને એમાંથી જ માર્ગ શોધ્યો છે. અથવા સહન કર્યું છે. ધર્મની-સત્યની - ન્યાયની રક્ષા માટે સતત લડતા રહ્યા છે કૃષ્ણ.

કૃષ્ણના જીવન વિશે લખાયેલા અઢળક પુસ્તકોમાંનું એક હરિન્દ્ર દવે લિખિત 'આનંદપુરુષ શ્રી કૃષ્ણ' ફરી ફરી વાંચવા જેવું છે. આ પુસ્તકમાં તેઓ નોંધે છે કે કૃષ્ણને કોઈ જીવનમાં સમજી શક્યું નથી. બળરામ પણ અસંમત હોય ત્યારે સાથે નથી રહ્યા. સૌથી નજીક ગણાતો અર્જુન પણ નહી નેં પાંડવો પણ નહિં... યાદવો પણ સ્પષ્ટ નથી કે કૃષ્ણને પામી શકવામાં અષ્ટ પટરાણી પણ પૂર્ણરૂપે સમજ્યા નથી... કૃષ્ણને કોઈ સમજી શક્યું હોય તો તે દ્રૌપદી... દ્રૌપદી દુર્યોધનની દ્યુતસભામાં પોતાની ઓળખ વાસુદેવસ્ય ચ સખીરૂપે આપે છે.

આમ પરમતત્વને - કૃષ્ણને પણ માનવ રુપે કોઈ સમજી શક્યા નથી, નજીકના લોકો, તો આપણને કદાચ ન પણ સમજે, આપણી નજીકના લોકો... એ જેમ સમજે છે એમ સ્વીકારીએ તો ઘણાં પ્રશ્નોનો ઉકેલ આવી જાય.

મહાભારતનું યુદ્ધ જીત્યા પછી અર્જુનના રથ ઉપરથી કૃષ્ણ ઉતરે છે ને રથ સળગે છે. આ દૃશ્ય પણ સૂચક છે, ને સંતો એક અર્થઘટન એવું કરે છે કે જયાં સુધી કૃષ્ણ રથ પર છે. ત્યાં સુધી જ રથ સલામત છે. અર્થાત્ આપણા જીવન રથના સારથી કૃષ્ણને બનાવ્યા હોય તો ત્યાં સુધી જ રથ સલામત છે.

જન્માષ્ટમીનું પર્વ બહુ પ્રતિકાત્મક રીતે મૂલવવા જેવું છે, અનેક સંદેશ આપણને આજના સમયમાં પણ એના જીવનમાંથી પ્રાપ્ત થાય છે.

મને અને તમને કૃષ્ણની કલ્પના જેવી છે, જેવી મૂર્તિ કે મિત્રો છે એવા કૃષ્ણ કદાચ ના પણ મળે, પરંતુ કૃષ્ણ તત્વ જેમાં સમાયેલુ છે. એવી મૈત્રીથી સભર મિત્ર મળે, એના પ્રેમથી સભર પ્રિયજન મળે, એના સ્નેહથી સભર સ્વજન મળે, એના જેવા સત્યના માટે લડનારો મળે, એના જેવો આનંદ પુરુષ મળે, એનાં જેવો પોતાના દુઃખોને પોઢાડીને પ્રસન્ન રહેનારોને પ્રસન્ન કરનારો કોઈ મળે તો માનવું કે આપણને આપણો કૃષ્ણ મળી ગયો છે. આવો કૃષ્ણ આપણી આસપાસ જ હશે.. અને આપણે રણ આવું કૃષ્ણ તત્વ પ્રગટાવીએ તો આસપાસાનો અંદર કૃષ્ણ કૃષ્ણના અજવાળા જ અજવાળા રેલાતા હશે.

જો દુનિયા કો નામૂમકીન લગે, વહીં મૌકા હૌતા હૈ, કરતબ દીખાને કા...

વિચારયાત્રા

ડો. જય ઓઝા

કહતે થે જો લોગ
કાબિલ નહીં હૈ તૂ
દેંગે વહી સલામિયાં
દિલ થામ કે જહાં
દેખેગા એક દિન
તેરી ભી કામયાબિયાં
કર કે દિખા કમાલ વો
આકે ઝમીં પે
દે કે જાયે આસમાં
શાબાશિયાં શાબાશિયાં
સચ હોને કી ખાતિર જો
સપને કીમત માંગેગે
જાગ કે રાતેં કીંમત ભર દેના
જબ નજદીક સે દેખે તો
ખૂશિયોં કે આંસુ આયે
તૂ નજરો કો વો મંજર દેના
ખૂબી એક હૈ એક મિટાયેંગે
તેરી હજાર ખામિયાં...
કર કે દિખા કમાલ વો
દે કે જાએ આસમાં
શાબાશિયાં... શાબાશિયાં...

- અમિતાભ ભટ્ટાચાર્ય

ધાસું મૂવી 'મિશન મંગલ' નું આ ધાસું ગીત છે. જગન શક્તિનાં દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ બોલીવૂડની 'સાઈ-ફાઈ' સ્પેસ ફિલ્મ છે, જે સંવેદનાઓથી ભરપૂર છે, અને ફિલ્મમાં સ્પેસ ટેકનોલોજી અને વિજ્ઞાન ફિલ્મ જેવા દૃશ્યો કદાચ ઓછા હશે, પરંતુ આપણો દેશ જે 'ઈમોશનલ બોન્ડીંગ' ભાવનાત્મક અભિગમથી ચાલે છે, તે ભાવ ફિલ્મમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે. અલબત્ત ફિલ્મ તો લગભગ બધાએ જોઈ જ લીધી હશે, અને જો બાકી હોય તો વહેલી તકે પહોંચી જજો...

અહીં વાત કરવી છે, ફિલ્મની અંદર આવતા આ અદ્‌ભૂત ગીતની.

'જો દુનિયા કો નામૂમકીન લગે, વહીં મૌકા હૌતા હૈ, કરતબ દીખાને કા...'

ધૂમ થ્રી, ફિલ્મનાં આ સંવાદ જેવા જ ભાવ વાળું આ આખું ગીત છે. ઘણીવાર મોટા મોટા મોટીવેશનલ સેમિનારમાં ભાગ લઈને જે 'કીક' નથી વાગતી, એ 'સ્પાર્ક' નાની અમથી સરળ ભાષામાં કહેલી વાતથી મળી જાય છે.

જીવનમાં નિષ્ફળતાનો સ્વાદ આપણે સહુએ ચાખ્યો જ હશે, અલબત્ત, નિષ્ફળતા ન સાંપડી હોય તો સફળતાનું સુખ એટલી મજા નથી આપતું. આપણા બધાના જીવનમાં આપણી આગામી પેઢીને રોચક વાર્તાની જેમ આપણા જીવનના ચડાવ-ઉતારની ઝલક આપવા જેટલી રસપ્રદ પણ પ્રેરણાત્મક વાસ્તવિક કથા હોવી જ જોઈએ.... અને મહદ્‌અંશે હોય પણ છે જ.

જેનું જીવન પહેલેથી સિલ્વર સ્પૂન સાથે,પાણી માગે તો દૂધ મળે જેવું આરામદાયક હોય, તે જન્મસિદ્ધ અનાયાસ સફળતાના ધારકે તેના સંતાનોને પારકી વાર્તાઓ અને કથાનકો થકી પ્રેરણા પૂરી પાડવી પડતી હોય છે.

લાઈટના થાંભલા નીચે બેસીને વાંચતા બોર્ડમાં પ્રથમ ક્રમાંક આવ્યો, ગૃહઉદ્યોગના નાસ્તા અને અથાણા વેંચતા વેંચતા સફળ સરકારી અધિકારી સુધીની સફર ખેડી, કે પછી બાળપણમાં ભણવામાં સાવ ઠોઠ પણ, આગળ જતા ચોટલી બાંધીને મહેનત કરતા છેક અવ્વલ નંબર પ્રાપ્ત કર્યો હોય, તે ક્ષણો જેણે જીવનમાં અનુભવી હોય, તે જયારે પોતાના બાળકોને કોઈ ઉપદેશાત્મક વાત કહે તો વાજબી લાગે છે, પરંતુ સ્વયં વગર પરિશ્રમે જ પરસિદ્ધિ (બાપીકી) સિદ્ધિને ખોળે ઉછર્યો હોય, તો તેની પોતાના બાળકોને અપાતી સલાહ જરા હાસ્યાસ્પદ લાગે છે.

સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે જેણે જીવનમાં કોઈ ભૂલ જ ન કરી હોય તે વ્યક્તિ મૃત જ હોઈ શકે... ભૂલ આપણા દરેકથી થવી સ્વાભાવિક છે. પરંતુ આપણી હજાર ભૂલો ઉપર આપણી એક હટકે આવડત આપણી એક ખૂબી એ બધી જ ભૂલોને ઢાંકી દે છે.

નિષ્ફળતા મળે તો ગભરાઈ ગયા વગર નવા પ્રયત્નમાં લાગી પડવાની હામ હોવી જોઈએ... અબ્રાહમ લિંકન કંઈ કેટલીય ચૂંટણીઓ હારી ગયા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા હતા. થોમસ આલ્વા એડિસને કંઈ કેટલાય નિષ્ફળ પ્રયોગોની હારમાળા સર્જી ત્યારબાદ તેણે બલ્બ બનાવ્યો હતો. બમન ઈરાનીને કેટલી મોટી ઉંમરે મુખ્યધારાની ફિલ્મોમાં રોલ મળ્યો અને ત્યારબાદ સફળતા મળી.

નવાઝુદ્દીન સિદ્દીકી વડોદરામાં કેમિસ્ટ તરીકે અને દિલ્હીમાં સિક્યૂરિટી ગાર્ડ તરીકે પણ કાર્ય કરી ચૂક્યા છે, 'સરફરોશ'માં માત્ર એક સીન માટે રોલ મળ્યો હતો, તે નવાઝુદ્દીન સિદ્દીકી આજે ક્યાં છે, તે આપણે સહું જાણીએ છીએ... અને આજે સરફરોશનો એ એક મિનિટ વાળો એક સીન તેના ચાહકો શોધી શોધીને જુએ છે.

જીવનમાં કોઈ ચોક્કસ મુકામ પર પહોંચવું હોય તો મુશ્કેલ રસ્તાઓ અપનાવવા જોઈએ, મુશ્કેલ રસ્તાઓ પર ડગ માંડતા માંડતા અડચણ આવે તો તરત જ સુરક્ષાત્મક બીબાઢાળ પરિપાટી પર ચાલ્યા જવાનું કાયરાના દુસ્સાહસ કર્યુ, તો પછી આપણે ક્યારેય પેલા 'હટકે' એક્સ ફેકટરને નહીં પામી શકીએ કે જે આપણામાં હોય જ છે.

દરેક સફળતા કે જેને આપણે જોઈએ છીએ તે, એક હિમશિલા જેવી હોય છે, સફળતા ભલે નાની દેખાય, પરંતુ તેની નીચે અઢળક પરિશ્રમ, અપાર નિષ્ફળ પ્રયાસો અને રાતોની રાતોનો અણથક ઉજાગરો હોય છે, સામેવાળા ભલે ઉપર છલ્લી સફળતા જ જોઈ શકતા હોય, પરંતુ વાસ્તવમાં તે મેળવવા માટેનો જે પથરીલો માર્ગ આપણે પગ છોલી છોલીને પસાર કર્યો છે, તેનાથી જ્ઞાત જગત નથી હોતું.

બસ જગત તો આપણે એક સિદ્ધિને પ્રાપ્ત કરીશું અને આપણી ભૂતકાળની અપાર નિષ્ફળતાઓની હારમાળાને વિસ્મરી જશે....

શ્રી ચંદ્રકાન્ત બક્ષીએ એક જગ્યાએ કહ્યું છે કે, વ્યક્તિ એક ડગલું ભર્યા પછી બીજું ડગલું ભરતા પહેલાં સતત સલામત જમીન શોધ્યા કરશે તો એ એક પગે ત્યાંનો ત્યાં જ ઊભો રહી જશે.

- jayuoza@gmail.com
Mo.9898046488

બેચેની ભયનો સગો ભાઈ છે

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બે એક સરખી ઘટનાઓ સાથે વાત ઉઘાડવી છે. એક આપણા નગરની વાત છે અને એક બ્રાઝીલના શહેર સાઉ પોલો શહેરની છે.

સમી સાંજનો સાડા છ વાગ્યાનો સુમાર હતો. ઓફિસો છૂટતા માર્ગો ઉપર વાહનોની ભારે ભીડ હતી. એવામાં નગરના એક ચાર રસ્તા પર બે કાર અથડાતા લોકોનું ટોળું ભેગુ થઈ ગયું. માર્ગની બન્ને બાજુ બબ્બે કિલોમીટર લાંબી વાહનોની હકડેઠઠ લાઈનો થઈ ગઈ. કાર તો શું ટુ વ્હીલર પણ તસુભાર ખસી શકે એમ ન હતું.

આ મહા ટ્રાફિક જામમાં અનેક લોકો સાથે વિશાલ પણ તેની કારમાં 'સ્ટક' થઈ ગયો હતો. બધા તેમની કારના હોર્ન બેફામ વગાડે જતા હતા. વિશાલ પણ સતત દર બે મિનિટે કારનું હોર્ન વગાડતો હતો. આસપાસનું પાંચેક કિલોમીટરનું વાતાવરણ હોર્નના અવાજોથી જબરજસ્ત કર્કશ બની ગયું. કોઈની પાસે આગળ વધવાનો માર્ગ ન હતો. વ્યગ્રતાપૂર્વક હોર્ન વગાડવા સિવાય એમની પાસે કોઈ ઉપચાર ન હતો.

આવો જ પણ એનાથી થોડો વધુ મોટા ફલક ઉપર બ્રાઝીલનો ટ્રાફિક જામનો કિસ્સો એક મિત્રએ 'વોટ નોનસેન્સ'નો વિડીયો વોટ્સએપ ઉપર મોકલીને એના મિત્રને કહ્યું, શું આવી વ્યગ્રતા અને બેચેનીથી કોઈ અર્થ સરે ખરો ?' વાત જાણે એમ હતી કે થોડા સમય પહેલા બ્રાઝીલના સાઉ પોલો શહેરમાં એકવાર કોઈ કારણસર ત્રણ સો કિલોમીટર લાંબા ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ. એ દિવસે બ્રાઝિલનું આસમાન હોર્નના અવાજોથી ભરાઈ ગયું હતું. લોકો ગાંડાની જેમ સતત કારના હોર્ન વગાડતા જતા હતા.

આ બે ઘટનાઓના પાયામાં માનસિક વ્યગ્ર પરિસ્થિતિ છે. આપણે માનીએ છીએ કે દુનિયા આપણી મરજી મુજબ ચાલે. પણ દુનિયાની ગતિ અને અંદાજ અલગ છે. જાણીતા અમેરિકન પત્રકાર ઓલિવર બર્કમેન માનસિક બેચેનીનો હલ શોધતા લખે છે કે, રોજીંદા કામને ઝડપથી પુરુ કરવામાં ઉપયોગી થાય અને વ્યક્તિને થોડો આરામ મળે એટલે આધુનિક સમયમાં વૈજ્ઞાનિક ટેકનોલોજીનો આવિષ્કાર થયો છે. વોશીંગ મશીન કપડા જલ્દી ધોઈ નાખે, ડીશ વોશર વાસણો વહેલા ધોઈ નાખે, કાર ઝડપથી પહોંચાડે અને સમય મળે એમા મનને મોજ આવે એવુ કાર્ય કરી શકાય. ટેકનોલોજીએ સાધનો શોધાયા જરૂર પણ બચેલા સમયમાં શાંતિથી મનગમતી પ્રવૃત્તિ થાય છે ખરી ?

ટેકનોલોજીએ કરેલા આવિષ્કારથી જીવન ફાસ્ટ જરૂર બન્યું છે પણ સાથે સાથે વ્યક્તિની બેસબરી પણ બેશુમાર વધતી ગઈ છે. પહેલા સ્કૂટર ઉપર પરિવાર સાથે સામાન્ય રેસ્ટોરંટમાં દૂર સુધી ડીનર માટે જતો વ્યક્તિ આજે પીત્ઝા ડિલીવરી બોય પાંચ મિનિટ મોડો પડે તો અકળાઈ જાય છે. પહેલા બસમાં કે ટ્રેઈનમાં બે-ચાર દિવસે ગામડે પહોંચતા હતા તેમને હવે પ્લેનના બે કલાક પણ વધુ લાગે છે. લેખક જેમ્સ ગ્લિક 'ફાસ્ટર' પુસ્તકમાં લખે છે કે, આપણે ઝડપની બિમારીથી પીડાતા લોકો છીએ. લીફ્ટની રાહમાં વારંવાર કોલ બટન દબાવનારા આપણને ખબર છે એકવાર બટન પ્રેસ કરવાથી પણ લીફ્ટ આવી જશે.

વ્યગ્રતા અને બેચેની સામે શરીરના તણાવ સહન કરતા હોર્મોન્સ પણ હથિયાર હેઠા મૂકી દેતા હોય છે. પરિણામે હાર્ટ એટેક અને મેન્ટલ ડિસઓર્ડરના ચાન્સિસ વધી જતા હોય છે. ઉતાવળ અને બેચેની મહેસૂસ કરો ત્યારે બે મિનિટ થોભીને વિચારવું હિતાવહ છે. ટ્રાફિક જામમાં પોતાની જાતને પ્રશ્ન પુછો કે શું આ પરિસ્થિતિમાં આગળ વધી શકાય એમ છે ખરૂ ? જો જવાબમાં 'ના'માં આવે તો હોર્ન મારી મારીને બેચેન થવા કરતાં ઈયર ફોન લગાવી શાંતિથી મનગમતું મ્યુઝિક સાંભળવામાં જ ભલાઈ છે.

અજંપો, અશાંતિ, અસ્વસ્થતા, બેચેની, તણાવ જે શબ્દ સમજાય તે વ્યક્તિના મનની કૂખમાંથી જ જન્મે છે. મનના સાગરમાં બેચેનીની લહેરોના હિલોળા શાંત થાય તો આપોઆપ વ્યાકુળ સ્થિતિ શમી જાય છે. વ્યગ્રતા અને ઉચાટ એક ભાવનાત્મક સ્થિતિ હોય છે. બેચેની ભયનો સગો ભાઈ છે. નોર્મન કઝીન્સ કહે છે કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં હૃદયરોગથી મૃત્યુ પામતા લોકોમાં અડધોઅડધ લોકો હૃદયરોગ થયાના ફફડાટ અને વ્યગ્રતાના માર્યા મરતા હોય છે.

માનવીનું જીવન પ્રશ્નોથી ઘેરાયેલું જ રહેવાનું. પ્રત્યેક નવી ઘટના મનઃસ્થિતિને ડહોળતી હોય છે. નવા પ્રશ્નોની હારમાળ ખડી થતી રહેવાની. પ્રશ્નોનો ક્રમ અટકતો જ નથી. એ ક્રમ નિરંતર ચાલતો જ જાય છે. જરૂર છે જ્યારે મનમાં પ્રશ્ન સર્જાય ત્યારે પ્રતિપ્રશ્ન પૂછવાની સજ્જતા કેળવવાની. પોતાની જાતની પ્રતિપ્રશ્ન પૂછવા માટે પહેલી આવશ્યકતા છે 'ઈગો' છોડી વિનમ્રતાપૂર્વક જિજ્ઞાસા ભાવ જગાડવાની. પ્રશ્નો જેટલા વધુ, ગહેરા અને વિશાળ હોય એટલી અકળામણ, ઉચાટ અને અજંપાની પરિસ્થિતિ વિકરાળ બનવાની છે. ટ્રાફિક જામ જેવી નાની નાની વાતને મોટો પ્રશ્ન ન માની લેવાય. આ સમજણ કેળવવી પડે. એકવાર નાની નાની વાતમાં પ્રતિપ્રશ્ન પૂછવાની સાચી સમજણની આદત પડી જશે તો મોટા પ્રશ્નો પણ ફટાફટ હલ થતા વાર નહીં લાગે.

ધબકાર :
ભય અને વ્યગ્રતા વગર લીધેલું કોઈપણ પગલું પ્રશ્ન હલ કરે અથવા ન પણ કરે પરંતુ એ શરીર અને ચિત્તને જરૂર સ્વસ્થ રાખશે, ચોઈસ ઈઝ યોર્સ...